# અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે મેઘરાજાનું આગમન

## અમુક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો પ્રજાજનો પરસેવાથી રેબઝેબ : ભિલોડામાં ગત રાત્રે વરસાદ વરસ્યો ખેડુતોમાં આનંદની લાગણી

ભિલોડા,તા.૧૧

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો વર્તાતા ઉનાળાની સિઝન દરમ્યાન ભારેથી અતિભારે વાવાઝોડા સાથે વરસાદ વરસતા વરસાદી સિસ્ટમ ખોરવાઈ છે.ચોમાસાની સિઝન દરમ્યાન વરસાદ ખેંચાતા ખેડુતોના જીવ અધ્ધર થઈ રહ્યા હતા.ભિલોડા તાલુકામાં ગત રાત્રે વરસાદ વરસતાં મુરઝાતા કપાસ, મગફળી, મકાઈ, તુવેર, સોયાબીન સહિત ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળ્યું ત્યારે ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ખેડુતો અને શ્રમજીવીઓ ખેતીના કામકાજમાં પરોવાયા હતા.અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે ગત રાત્રે મેઘરાજાનું આગમન થયું હતું.અમુક ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો ત્યારે પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસાની સિઝનના પ્રારંભીક તબક્કે જ વીજ પુરવઠો સામાન્ય વરસાદ દરમ્યાન ખોરવાતા પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી ઉઠયો હતો.યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢયા હતા.

અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે અષાઢ માસ દરમ્યાન મેહુલીયો મન મુકીનો વરસી જશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.મેહુલીયો મન મુકીનો વરસો તો માટે પ્રજાજનો ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે.



# રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ : બાયડ તાલુકા સંયોજક તરીકે ગીરીશભાઈ પટેલની નિયુક્તિ, પ્રા.શિક્ષકોમાં ખુશાલી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૧

રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગુજરાત દ્વારા બાયડ તાલુકામાં



સંયોજક તરીકે સર્વ સંમતિથી ગીરીશભાઈ એચ. પટેલની નિયુક્તિ કરાતાં પ્રા.શિક્ષકોમાં ખુશાલી છવાઈ છે. જ્યારે અન્ય હોદ્દેદારોની પણ નિયુક્તિ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ ગુજરાત પ્રાંતના સંગઠન મંત્રી અરૂણભાઈ જોષી, સહસંગઠન મંત્રી પરેશભાઈ પટેલ, ઉપાધ્યક્ષ મનુભાઈ તથા બાયડના વતની અને કઠલાલ તાલુકા શૈક્ષણિક મહાસંઘના અધ્યક્ષ મિતેષભાઈ પટેલે સંગઠનના વિચાર વિસ્તાર માટે હોદ્દેદારો સાથે તાજેતરમાં બાયડની મુલાકાત કરી હતી અને તાલુકાના શિક્ષકો સાથે સંગઠનની કાર્યશૈલી, હેતુ અને પદ્ધતિથી માહિતગાર કર્યા હતા. શિક્ષકોના પડતર પ્રશ્નોની ઉંડાણથી તેની ચર્ચા પણ કરી હતી અને બાયડ તાલુકામાં સંગઠનની રચના કરવાનો નિર્ણય કરી સર્વ સંમતિથી ગીરીશભાઈ પટેલની બાડ તાલુકા સંયોજક તરીકે નિયુક્તિ કરાતાં તેમની નિયુક્તિને અનેક શિક્ષક આગેવાનોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. સહસંયોજક તરીકે સંજયભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, ભરતભાઈ સોલંકીને જવાબદારી સોંપવામાં આવી હતી. બેઠકમાં અરવલ્લી જિલ્લા



સંગઠનમાંથી મહામંત્રી પ્રજ્ઞેશ શર્મા, ઉપાધ્યક્ષ ભાવેશ પ્રજાપતિ, મોડાસા તાલુકા અધ્યક્ષ રીતેષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંગઠનને મજબૂત અને કાર્યરત કરવા પ્રાંત સંગઠનના પદાધિકારીઓ દ્વારા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતું.

# મહેસૂલ વિભાગ એક્શનમાં : કોર્ટ કેસમાં ગુનેગાર, તો જિલ્લા કલેક્ટર કચેરીના જવાબદાર સામે પગલાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ગુજરાત સરકારને સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલા કેટલાક કેસમાં અપીલ કાઢી નંખાતાં પીછેહઠનો સામનો કરવો પડ્યો છે જેથી રાજ્યના મહેસૂલ વિભાગે સરકારના વિવિધ વિભાગો તેમજ સરકારી કચેરીઓ મારફતે જે તે અદાલતમાં દાખલ થતા કેસમાં સમય મર્યાદાનું પાલન નહીં કરવા બદલ જિલ્લા કલેક્ટર કચેરી જવાબદાર રહેશે અને કસૂરવાર અધિકારી કર્મચારી સામે પગલાં ભરવાનો આદેશ જારી કર્યો છે. સાબરકાંઠા, અરવલ્લી કલેક્ટર કચેરીની નબળી કામગીરીને કારણે અનેક અરજદારોને ભૂતકાળમાં અન્યાય થયા છે. જમીન સંપાદન કરી હોય તેવા ખેડૂતોને વળતરના આદેશ પછી પણ વિભાગો ખેડૂતોને ગાંઠતા ન હોવાની ફરિયાદ સર્વ સામાન્ય છે.

**સાબરકાંઠા, અરવલ્લીમાં કલેક્ટર કચેરીની નબળી કામગીરીના કારણે અનેક અરજદારોને અન્યાય..!!**

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના મહેસૂલ વિભાગે જાહેર કરેલા આદેશમાં જણાવ્યું છે કે કોર્ટ કેસમાં અપીલ દાખલ કરવા માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે અને નોડલ અધિકારીની નિયુક્તિ કરી અદાલતી પ્રકરણમાં યોગ્ય દેખરેખ થાય તે માટે સ્પષ્ટ સૂચનાઓ વારંવાર આપી હોવા છતાં તેનું પાલન થતું નથી. જેના કારણે કેટલાક કિસ્સાઓમાં વિલંબ થતાં સરકારને કોર્ટની નારાજગીનો સામનો કરવો પડ્યો છે. કોર્ટમાં દાખલ થતા કેસમાં હાથ ધરવાની કાર્યવાહી અંગે સૂચનાઓ છતાં અધિકારી અને કર્મચારીઓ કાયમી કોર્ટનાં ચક્કરમાં જવું પડશે તેમ માની કેસ બાબતે કોઈ આગળની કાર્યવાહી કરતા નથી. છેલ્લે ૨૦૧૭માં જિલ્લા કલેક્ટરને પત્ર લખી આ અંગે તાકીદ કરવામાં આવી હતી તેમ છતાં અનેક કેસમાં વિલંબ થઈ રહ્યો છે અને આવા કેસની અપીલો કાઢી નાખવામાં આવી છે જેથી મહેસૂલ વિભાગ દ્વારા સુપ્રિમ કોર્ટના વલણને ધ્યાને રાખી તમામ જિલ્લા કલેક્ટરોને સુપ્રિમ અને હાઈકોર્ટ સહિતની અદાલતોમાં ચાલતા કેસમાં બેદરકાર રહેશે તો કડક કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે. મહેસૂલ વિભાગના આ નિર્ણયને જિલ્લાની પ્રજાએ આવકાર્યો છે.

### પ્રાંતિજ વી.એસ.રાવલ કોલેજ સંકુલ ખાતે

# ભારતીય જનતા પાર્ટી શહેર મંડલ દ્વારા કારોબારીની પ્રથમ બેઠક યોજાઈ

**સાસંદ, પૂર્વમંત્રી, જિલ્લા મંત્રી સહિત ભાજપ કાર્યકરો આગેવોનો ઉપસ્થિત રહ્યા : આગામી ૨૦૨૨માં આવનાર વિધાન સભાની ચુંટણીઓની તૈયારીઓ સ્વરૂપે બેઠક યોજાઈ: આગામી ચુંટણીઓ અંગેની વિશેની વિસ્તૃત ચર્ચાઓ કરવામા આવી**

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી શહેર મંડલ ના ઉપક્રમે કારોબારીની બેઠક નુ આયોજન કરવામા આવ્યુ હતું.

પ્રાંતિજ શહેર ભાજપ દ્વારા આયોજીત કારોબારી ની બેઠક પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તાર મા આવેલ વી.એસ.રાવલ પીટીસી કોલેજ રખાતે યોજાઇ હતી જેમા સાબરકાંઠા અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા મહામંત્રી વિજયભાઈ પંડયા, સંગઠન જિલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય, શહેર પ્રમુખ નિત્યાનંદ ભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકા



પ્રમુખ દિપકભાઈ કડીયા



નગરપાલિકાના કોર્પોરેટરો ભાજપ કાર્યકરો આગેવાનો વિવિધ મોરચાના પ્રમુખો મંત્રીઓ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા તો આગામી ૨૦૨૨ મા આવનાર વિધાન સભાની ચુંટણીઓ ની તૈયારી સ્વરૂપે મળેલ આ બેઠક મા મંચસ્થ મહાનુભાવોએ માર્ગદર્શન પુરૂ પાડયુ હતુ અને આગામી ચુંટણી ની રણનીતિ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામા આવી હતી તો પાર્ટીના કાર્યકરો ને વિવિધ જવાબદારીઓ સોંપીને ૨૦૨૨ ની વિધાન સભાની ચુંટણીમા ભાજપ નો ભગવો ફરીથી લહેરાય તે માટે અત્યાર થીજ કટિબધ્ધ બનવા ઉપસ્થિત સોવકોઈ આગેવાનો અને કાર્યકરો ને અપીલ કરવામા આવી હતી.

## દુઃખદ અવસાન



બાયડ : ધનસુરાના હરેશકુમાર જેસીંગદાસ પટેલ(વિરલ ઓટો-બાયડ)ના પત્નિ વિમળાબેન પટેલનું નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૪ જુલાઈ, બુધવાર સવારે ૧૧-૦૦ થી ૨-૦૦ આંજણા પટેલ સમાજ વાડી, પરબડી ચોક પાસે, ધનસુરા રાખેલ છે.



બાયડ : બાયડના જગદીશભાઈ (શિવાભાઈ) પટેલ, વિક્રમભાઈ પટેલના માતા મંગુબેન કેશવભાઈ પટેલનું નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૩ જુલાઈ, મંગળવાર સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ અમારા નિવાસસ્થાન ૮૫, વૃન્દાવન સોસાયટી, ગાબટ રોડ, બાયડ ખાતે રાખેલ છે.



બાયડ : ધનસુરા તાલુકાના બાડેરાકંપાના અરવિંદભાઈ પોકાર(રવિ કોર્પોરેશન, બાયડ), વિનોદ પોકાર(પર્થ-ઓસ્ટ્રેલિયા)ના માતા શાતાબેન કરમસીભાઈ પોકારનું નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૩ જુલાઈ, મંગળવાર સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ તેમના નિવાસસ્થાન બાડેરાકંપા રાખેલ છે.

# ફરી ભણેલા છેતરાયા : ઈડરમાં ફેક્ટરી માલિક સાથે ઓનલાઈન છેતરપીંડી, ૧.૮૩ લાખ ગુમાવ્યા

## ઈડર પોલીસે મોબાઈલ નંબરના ધારક વિરૂદ્ધ ગુનો નોંધ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

અજાણ્યા મોબાઈલ ફોન ઉપરથી એ.ટી.એમ. કાર્ડના આંકડા માગી ઓ.ટી.પી. માંગતા ગઠીયાઓથી સાવધ રહેવા પોલીસે વારંવાર તાકીદ કરી હોવા છતાં ફરી ભણેલા છેતરાય તેવી સ્થિતિ જોવા મળી છે. ઈડરના ફેક્ટરી માલિક મહાવીર રાજકુમાર ગાંધીને મોબાઈલ ઉપર ગઠીયાએ વિશ્વાસ કેળવી એ.ટી.એમ. કાર્ડના આંકડા તથા ઓ.ટી.પી. માંગી એકાઉન્ટમાંથી તબક્કાવાર રૂા.૧,૮૩,૪૯૬ ઉપાડી લેતાં ઈડર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજ્ય અને જિલ્લામાં સાયબર ક્રાઈમમાં સતત ઉછાળો આવી રહ્યો છે. પોલીસ પણ આવા ગુનાના ભેદ ઉકેલવામાં તમામ તાકાત કામે લગાડે છે પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં ધારી સફળતા મળતી નથી. ઈડરની આમ્રપાલી સોસાયટીમાં રહેતા સોલ્ટની ફેક્ટરી ધરાવતા મહાવીર ગાંધી ઉપર મોબાઈલ નં.૬૦૦૨૦૭૫૦૨૮ ઉપરથી ફોન આવ્યો હતો અને ફેક્ટરી માલિકનો વિશ્વાસમાં લઈ એ.ટી.એમ. કાર્ડના આંકડા તથા ત્યારબાદ ઓ.ટી.પી. માગી લીધો હતો અને ત્યાર પછી ફેક્ટરી માલિકના બેન્ક ખાતામાંથી ૧.૮૩ લાખ જેટલી માતબર રકમ ઉપડી જતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. ઈડર પી.આઈ., જે.એ.રાઠવાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અરવલ્લીમાં મેઘરાજાની એન્ટ્રી

# ૧.૪૦ લાખ હેક્ટર વાવેતર માટે કાચું સોનુ વરસ્યું, વરસાદી માહોલ જોવા મળતા ખેડૂતો ખુશખુશાલ

મોડાસા, તા. ૧૧

મોડાસા શહેર અને જિલ્લામાં છેલ્લા બે સપ્તાહના ઉકળાટ ભર્યા વાતાવરણ પછી શનિવારે સાંજે હવામાનમાં એકાએક બદલાવ આવ્યો હતો આકાશે કાળા ડીબાંગ વાદળો ખેંચાઈ આવતા મોડાસા તેમજ ભિલોડા સહીત સમગ્ર જીલ્લામાં મોસમેં મિજાજ બદલ્યો હોય તેમ બંને તાલુકાઓમાં સાંજ પછી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ છે. જેને લઈને ખેડૂતો ખુશખુશાલ થયા છે. મોડાસા પંથકમાં રાત્રીના સુમારે મેઘરાજાના આગમન થી અસહ્ય ઉકળાટ અને બફારા સામે રાહત મળી હતી રવિવારે સવારે પણ જીલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું

અરવલ્લી જીલ્લામાં અષાઢી બીજ પહેલાં જ મેઘરાજાએ મુહૂર્ત સાચવી લીધું છે. અને ખેડૂતો ના વાવેતરને જીવતદાન મળી ગયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ અરવલ્લી જીલ્લાના મોડાસા અને ભિલોડા પંથકમાં રાત્રે વાતાવરણમાં એકા-એક પલ્ટો આવતા લાંબા વિરામ બાદ વરસાદનું આગમન થયું છે.ભિલોડા સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદનું આગમન દરમ્યાન ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.ભારે ઉકળાટ બાદ મેઘ મહેર થઈ છે.વરસાદને પગલે ખેડુતોના ખેતરોમાં મુરઝાતા ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળ્યું છે.વરસાદ ખેંચતા ખેડુતોમાં ચિંતા વ્યાપી હતી.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા દસ દિવસથી વરસાદ ન આવતા ખરીફ પાક પર નિષ્ફળ જવાની દહેશત સર્જાઈ હતી . જીલ્લામાં ખેડૂતોએ સારા વરસાદની આશાએ ૧.૪૦ લાખથી વધુ હેકટરમાં ખરીફ પાકોનું વાવેતર કર્યું છે શનિવારે રાત્રે મેઘરાજાની એંટ્રી થી ખરીફ પાકને નવજીવન મળતા હૈયે હાશકારો અનુભવ્યો છે જો કે જીલ્લામાં સપ્તાહ દરમિયાન અનાધાર વરસાદ નહિ ખાબકે તો ખેતી બળી જવાની સાથે પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થશે હાલ તો જીલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાને રીઝવવા ધર્મનું શરણ લીધું છે



# કણાદરમાં યુવતી સામે ગંદી હરકત કરનાર વિરૂદ્ધ ગુનો નોંધાયો

## ચિઠોડા પોલીસે તપાસ હાથ ધરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

વિજયનગર તાલુકાના કણાદરની ૨૨ વર્ષિય યુવતીને તાળીપાડી હાથનો ઈશારો કરી ગંદી હરકતો કરતા રાવજી ખીમજીભાઈ વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ઈ.પી.કો.કલમ-૫૦૯, ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી વિગતો અનુસાર તા.૯ના રોજ બપોરના સમયે સૂરપાલ ખીમજીભાઈ નિનામાની દિકરીને રાવજી ખીમજીભાઈએ તાળીપાળી, હાથનો ઈશારો કરી ગંદી હરકતો કરી હતી અને આ અંગે કહેવા જતાં ઉપરાણું લઈ આરોપીઓએ ગાળો કાઢી એકબીજાને મદદગારી કર્યાની ફરિયાદ પોલીસ સ્ટેશને નોંધાઈ છે.

પોલીસે ગુનો મોંડો દાખલ થવાના કારણમાં જણાવ્યું છે કે ફરિયાદી ફરિયાદ કરવા માટે આવ્યા હતા અને ચાલુ ફરિયાદે તેમના ભાઈ તેઓના વિરૂદ્ધ ફરિયાદ આપવા આવેલ જેથી તેઓ પોલીસ સ્ટેશનેથી ફરિયાદ આપ્યા વગર જતા રહ્યા હોવાથી ફરિયાદ વિલંબથી નોંધાઈ છે.

## જન્મદિને વધામણી



હની પ્રકાશકુમાર પ્રજાપતિ
રડોદરા, તા.બાયડ




હેતાર્થ વિજયકુમાર પ્રજાપતિ
રડોદરા, તા.બાયડ



દીનાબેન ચંદ્રકાન્તભાઈ શાહ
(વાણિયાનો માઢ)
બાયડગામ



અતુલભાઈ જી. શાહ
ડેમાઈ, તા.બાયડ



કિરણ આર. પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



મહેન્દ્રસિંહ એન. રહેવર
(મોડાસા હાઈસ્કુલ)
બોલુન્દ્રા, તા.મોડાસા



ડૉ.નૂપુર ડૉ.અંકુર પટેલ
(સ્પર્શ સ્પાઈન કેર ડેન્ટલ હોસ્પિટલ-હિંમતનગર)
હિંમતનગર(ડેમાઈ)



ડૉ.નિહાલ એસ. કુગશીયા
કાણોદર, તા.પાલનપુર